# પ્રતિબંધિત 'એટોમિડેટ' વિદેશ મોકલવાના કૌભાંડમાં સુરતનો વેપારી ઝડપાયો

**એલોવેરા** પાઉડરનું લેબલ લગાવી એટોમિડેટ મોકલાતો હતો, સુરતના બેની શોધખોળ

### આરોપી નિકુંજનાં રિમાન્ડ માટે એટીએસે આઠ મુદ્દા રજૂ કર્યા

સુરતઃ ATS પોલીસે આરોપી નિકુંજ ગઢીયાને સુરત કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરાઇ હતી. બચાવ પક્ષે વકીલ કેતન રેશમવાલા હાજર રહ્યા હતાં. એટીએસ પોલીસે તપાસના મુખ્ય આઠ મુદ્દાઓ કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી.

### આ મુદ્દે રિમાન્ડ લેવામાં આવ્યા

- વિદેશમાં માલ કોને કોને મોકલવામાં આવ્યો છે તેની તપાસ
- બોગસ બિલ અને દસ્તાવેજો બનાવવામાં મદદ કરનારની તપાસ
- કયા કુરિયર મારફતે માલ રવાના કરવામાં આવ્યો હતો?
- આ પાવડર કઈ સ્થાનિક કંપનીઓ પાસેથી ખરીદવામાં આવ્યો હતો?
- વેચાણના નાણાં કયા માધ્યમ (હવાલા કે બેંક) થી આવ્યા?
- કોઈ આંતરરાષ્ટ્રીય ડ્રગ માફિયા કે આતંકી સંગઠન સાથે આરોપી જોડાયેલો છે કે કેમ?
- આરોપીના મોબાઈલ ડેટા અને કોલ રેકોર્ડ્સની તપાસ.
- આરોપીનો ગુનાહિત ઇતિહાસ અને અગાઉની સંડોવણીની તપાસ.

અમદાવાદ: વિદેશોમાં પ્રતિબંધિત સાયકોટ્રોપિક પદાર્થ 'એટોમિડેટ'નો જથ્થો એર કાર્ગો મારફતે મલેશિયા, થાઇલેન્ડ સહિતના દેશોમાં ગેરકાયદેસર રીતે મોકલવાના કૌભાંડનો ગુજરાત એટીએસ દ્વારા પર્દાફાશ કરી સુરતના નિકુંજ હરેશભાઈ ગઢીયા ( ઉ.વ.૨૪, રહે. બ્લ્યુ કેન્ડલ, કતારગામ)ની ધરપકડ કરી છે. જ્યારે અન્ય બેની સંડોવણી બહાર આવતા ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

આ અંગે એટીએસના સુત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાત એટીએસના નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાયને બાતમી મળી હતી કે દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં પ્રતિબંધિત ગણાતું એનાલજેસિક ડ્રગ 'એટોમિડેટ' ખોટા બિલ, ખોટા કસ્ટમ્સ દસ્તાવેજો અને ખોટા લેબલના આધારે એર કાર્ગો મારફતે વિદેશ મોકલવામાં આવી રહ્યું છે.

બાતમીના આધારે તપાસ કરતા નિકુંજ હરેશભાઈ ગઢિયા પોતાની કંપનીઓ "ડીસ્બ્લ્યુએન બાયોસાયન્સ", "ન્યૂટ્રલ ફાર્મા" અને "ઓમ હર્બ્સ" ના નામે, જ્યારે ભૌતિક દામજી પદમણીએ ( રહે. સંસ્કૃત એવન્યુ, સાયણ રોડ, અમરોલી સુરત)પોતાની "જાની ફાર્મા" અને ચેતન કનુભાઈ વાવડિયા ( ઉ.વ. 47 આનંદધારા સોસાયટી મોટા વરાછા, સુરત) પોતાની "રૂદ્ર એન્ટરપ્રાઇઝ" મારફતે એટોમિડેટ પાવડરને અન્ય પદાર્થ તરીકે દર્શાવી મલેશિયા અને થાઈલેન્ડમાં મોકલી રહ્યા હતા.

આ આરોપીઓ દ્વારા એટોમિડેટ પાવડરને એલોવેરા પાવડર અથવા અન્ય દવા તરીકે ખોટું લેબલ લગાવી અને ખોટા દસ્તાવેજો તૈયાર કરી મુંબઈ એરપોર્ટથી એર કાર્ગો દ્વારા વિદેશ મોકલવામાં આવતું હતું. આ અંગે કસ્ટમ્સ વિભાગને જાણ કરાતા ફેડેક્સ કુરિયર મારફતે મોકલાયેલા પાર્સલો રોકી રાખવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન સ્પેક્ટ્રોગ્રાફી પરીક્ષણમાં પાર્સલોમાં પ્રતિબંધિત એટોમિડેટ પાવડર હોવાનું બહાર આવ્યું હતું.

પ્રાથમિક પુછપરછમાં એવી હકીકત સામે આવે છે કે, નિકુંજ ગઢિયાએ પોતાની કંપનીના નામે આશરે ૫૦ કિલો જેટલું એટોમિડેટ પાવડર એલોવેરા પાવડર તરીકે ખોટું લેબલ લગાવી મલેશિયા મોકલ્યું હતું. ચેતન વાડિયાએ આશરે ૫૦ કિલો જેટલું એટોમિડેટ પાવડર અન્ય નામે મલેશિયા અને થાઈલેન્ડ મોકલ્યું હતું, જ્યારે ભૌતિક પદમણીએ આશરે ૨૫ કિલો જેટલું એટોમિડેટ પાવડર ખોટા લેબલ સાથે મલેશિયા અને થાઈલેન્ડ મોકલ્યું હોવાનું સામે આવ્યું છે.

આ પદાર્થના પાર્સલો વિદેશમાં પ્રતિ કિલો અંદાજે ૪૦૦૦થી ૫૦૦૦ અમેરિકન ડોલરના ભાવમાં વેચાતા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. થાઇલેન્ડ પોલીસે પણ કેટલાક પાર્સલો જપ્ત કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ મામલે એટીએસની ટીમે ગુનો નોંધી નિકુંજ હરેશભાઈ ગઢિયા (ઉંમર ૨૮)ની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય આરોપીઓ ચેતન કનુભાઈ વાવડિયા અને ભૌતિક દામજી પદમણી સહિત આ આંતરરાષ્ટ્રીય કૌભાંડમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

**ઉમરપાડા-ડેડિયાપાડાના ૭૩ ગામોની જમીન હવે સિંચાઈથી નંદનવન બનશે**

# તાપી-કરજણ લિંક પાઈપલાઈન સિંચાઈ યોજનાનું CM હસ્તે લોકાર્પણ

**કેવડી** ખાતે મુખ્યમંત્રીએ સુરત જિલ્લામાં ૧૨૬ કરોડ રૂપિયાના ૧૨ જેટલાં વિકાસકામનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં



વાંકલ: ઉમરપાડાના કેવડી ખાતે મુખ્યમંત્રીએ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના આદિવાસી વિસ્તાર ઉમરપાડા અને ડેડિયાપાડા તાલુકાના ૭૩ આદિજાતિ ગામોની ૫૩,૭૫૦ એકર જમીનને સિંચાઈ સુવિધા આપતી તાપી-કરજણ લિંક પાઈપલાઇન ઉદવહન સિંચાઈ યોજનાનું લોકાર્પણ કર્યું હતું. ઉકાઈ જળાશય આધારિત આ ઉદવહન સિંચાઈ યોજના રૂ.૬૫૧.૦૮ કરોડના ખર્ચે નિર્માણ થઈ છે તેના લોકાર્પણ સાથે મુખ્યમંત્રીએ રૂ.૨૦૮.૫૧ કરોડના ખર્ચે થનારા આ યોજનાના એક્સટેન્શન કાર્યનું ભૂમિપૂજન પણ ઈ-તકતી અનાવરણથી કર્યું હતું. આ એક્સટેન્શન યોજના પૂર્ણ થવાથી ઉમરપાડા તાલુકાનાં ૨૯ ગામની ૧૯,૧૪૧ એકર જમીનને સિંચાઈનો લાભ મળતો થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરત જિલ્લામાં ૧૨૬ કરોડ રૂપિયાના ૧૨ જેટલાં વિકાસકામનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યાં હતાં. તેમણે વન અધિકાર નિયમ હેઠળ આદિજાતિ લાભાર્થીઓને સનદ વિતરણ, પીએમએવાય આવાસ, ગોડાઉન સહાય અને ટ્રેક્ટર સહાયનું પણ લાભાર્થીઓને વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીના હસ્તે માર્ગ અને મકાન-પંચાયત અને સ્ટેટ વિભાગના રૂ.૩૬.૯૯ કરોડના ખર્ચે આઠ વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત તથા રૂ.૪૩.૬૨ કરોડનાં બે કામોનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત માર્ગ અને મકાન વિભાગ હસ્તક માંડવી-શેરૂલા રોડ અને ઉમરપાડા-ઘાટા રોડના વાઈડનિંગ એન્ડ સ્ટ્રેન્થનિંગના રૂ.૪૫.૮૦ કરોડનાં બે કામોના ઈ ભૂમિપૂજન સહિત કુલ રૂ.૧૨૬ કરોડના કામોની ભેટ આપી હતી.

મુખ્યમંત્રીના હસ્તે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરાયું હતું. પ્રાદેશિક માહિતી કચેરી-સુરતના નવા ભવનનું મુખ્યમંત્રીએ ઈ-ભૂમિપૂજન કર્યું હતું.

મુખ્યમંત્રીએ આ અવસરે જણાવ્યું કે, ઉકાઈ જળાશય આધારિત આ ઉદવહન સિંચાઈ યોજનામાં ૮૭ માળ જેટલી ઊંચાઈએથી પાણી પાઈપલાઈન દ્વારા લિફ્ટ કરીને આદિવાસી વિસ્તારોને સિંચાઈ માટે પૂરું પાડવાનું ઈજનેરી કૌશલ્યયુક્ત આયોજન પણ વડાપ્રધાનની વિઝનરી લીડરશીપથી પાર પડ્યું છે.

આ પ્રસંગે આદિજાતિ વિકાસમંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં જે વિસ્તારોને નસીબને ભરોસે છોડી દેવાયા હતા, ત્યાં આજે ઈજનેરી કૌશલ્યથી આપણે લિફ્ટ ઈરિગેશન-પાણીને ઉદવહન કરીને પહોંચાડી રહ્યા છીએ. જ્યારે ખેડૂતના ખેતરમાં બારેમાસ પાણી હશે, ત્યારે જ તે સમૃદ્ધ થશે અને તેનો લાભ રાજ્યના અર્થતંત્રને થશે. સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું કે, આદિવાસી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ સુવિધા મળવાથી વર્ષમાં અનેકવિધ પાકો, શાકભાજી, ફળફળાદિનું ઉત્પાદન શક્ય બનશે. આ પ્રસંગે નાણામંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, મોહનભાઈ ઢોડિયા, દર્શનાબેન દેશમુખ, મોહનભાઈ કોંકણી, સંદીપભાઈ દેસાઈ, સાંસદ મનસુખભાઈ વસાવા, જિ.પં. પ્રમુખ ભાવિનીબેન પટેલ, જળસંપતિ વિભાગના સચિવ પી.સી. વ્યાસ, સુરત કલેક્ટર ડો.સૌરભ પારધી, અગ્રણીઓ ભરત રાઠોડ, નીલ રાવ સહિત સિંચાઈ વિભાગના અધિકારીઓ, આદિજાતિ ખેડૂતો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં વિલંબ

**ટર્મ** પૂર્ણ થતા છ મનપામાં વહીવટદારોની નિમણૂક થશે

ગાંધીનગર : ૧૧ માર્ચ સુધીમા અલગ અલગ મનપાની ટર્મ થાય છે પૂર્ણ થવાની હોવાથી અમદાવાદ મનપા શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ કુમારની નિમણૂક કરવામાં આવી છે જ્યારે

વડોદરામાં GUVNLના MD શાલિની અગ્રવાલ વડોદરાનો હવાલો સંભાળશે. આ ઉપરાંત સુરતમા શિક્ષણ સચિવ મિલિંદ તોરવણેને હવાલો અપાયો છે. જ્યારે ભાવનગરમા સામાજિક ન્યાય અધિકારિતા સચિવ હર્ષદ પટેલ કામગીરી બજાવશે.

તો બીજી તરફ જામનગરમાં ચીફ સ્ટેટ ટેક્સ કમિશનર આરતી કંવર અનેરાજકોટ કમિશનર ઓફ મ્યુનિસિપાલટી રૈમ્યા મોહન વહીવટદાર તરીકે નિમાય તેવી સંભાવના છે.

# ભરૂચથી ભાગી આવેલી સગીરાનું પરિવાર સાથે મિલન



**પરીક્ષા** ચાલી રહી હોવાથી પિતાએ ઇદ પછી બહેનને મળવા જઇશું તેમ કહ્યું હતું

**પિતાની** વાતથી નારાજ સગીરા સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં બેસી સુરત આવી ગઇ હતી

સુરતઃ સુરત રેલવે પોલીસની શી-ટીમે સતર્કતા દાખવી એક 15 વર્ષીય સગીરાનું તેના પરિવાર મિલન કરાવ્યું છે. પરીક્ષાના સમયે સુરત બહેનના ઘરે જવાની ના પાડતા પિતા સાથે ઝઘડો કરી ઘરેથી નીકળી આવેલી આ કિશોરી પ્લેટફોર્મ નંબર 2 પર એકલી મળી આવી હતી.

ભરૂચમાં રહેતી અને અભ્યાસ કરતી 15 વર્ષીય રાબિયા (નામ બદલ્યું છે) સુરતમાં રહેતી તેની પિતરાઈ બહેનના ઘરે જવાની ભારે જીદ હતી. જોકે, હાલમાં તેની પરીક્ષાઓ ચાલતી હોવાથી પિતાએ તેને ઠપકો આપી 'ઈદ પછી સાથે જઈશું' તેમ કહી શાંત પાડી હતી. પિતાના આ ઠપકાથી નારાજ થયેલી સગીરા સવારે કોઈને પણ કહ્યા વગર ભરૂચથી સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાં બેસી સુરત આવી પહોંચી હતી. બીજી તરફ, મજૂરી કામે ગયેલા પિતાને મોટી દીકરીએ ફોન કરી જાણ કરી હતી કે નાની બહેન સવારથી ગુમ છે, જેને પગલે પરિવારમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.સુરત રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 પર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ ટ્રેનમાંથી એકલી ઉતરેલી આ સગીરા વુમન એ.એસ.આઈ. મનિષા મધુકરની નજર પડી હતી. સગીરા મૂંઝવણમાં જણાતા તેને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરવામાં આવી હતી. શરૂઆતમાં તેને બહેનનું સરનામું ખબર ન હોવાનું જણાવ્યું હતું, પરંતુ શી-ટીમે તેને ચાઈલ્ડ કોર્નરમાં લાવી પ્રેમથી સમજાવતા તેણે ઘરની તમામ હકીકત જણાવી હતી. પોલીસે તાત્કાલિક તેના પિતાનો સંપર્ક કર્યો હતો.રેલવે પોલીસ અધિક્ષક અભય સોની અને નાયબ પોલીસ અધિક્ષક ડી.એચ. ગોરના માર્ગદર્શન હેઠળ પી.આઈ. જે.બી. મીઠાપરાની સૂચના મુજબ આ સમગ્ર કામગીરી કરવામાં આવી હતી.

# હીરા બજારમાં ૨૫.૬૪ લાખની ઠગાઈ કરી ૧૦ વર્ષથી ફરાર ગઠિયો ઝડપાયો

**જ્યોર્જીયાથી** પરત ફરતા જ દિલ્હીગેટ પાસેથી દબોચી લેવાયો

**આરોપી** સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં પણ છેતરપિંડીનો ગુનો નોંધાયેલો છે

સુરતઃ મહીધરપુરા વિસ્તારમાં દસ વર્ષ પૂર્વે હીરાના વેપારીઓ અને દલાલો પાસેથી લાખો રૂપિયાના હીરા મેળવી પેમેન્ટ ચૂકવ્યા વગર વિશ્વાસઘાત કરનાર ઠગને મહીધરપુરા પોલીસે દિલ્હીગેટ ચાર રસ્તા પાસેથી ઝડપી પાડ્યો હતો.

સીઆરપીસી કલમ-૭૦ મુજબના વોરંટના આધારે પોલીસ છેલ્લા એક દાયકાથી તેની શોધખોળ કરી રહી હતી.

મહીધરપુરા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફને ખાનગી બાતમીદાર દ્વારા સચોટ માહિતી મળી હતી કે, ૨૦૧૬ના વર્ષથી વિશ્વાસઘાત અને છેતરપિંડીના ગુનામાં નાસતો-ફરતો સુનીલ વાયા સુરત આવ્યો છે. પોલીસે બાતમી આધારે દિલ્હીગેટ પાસે વોચ ગોઠવી આરોપી સુનીલ રમેશભાઈ વાયા (સોની) (ઉં.વ.૩૮) (હાલ રહે.,સ્ટ્રીટ નં.૩, સાબુરતાલો, જ્યોર્જીયા, મૂળ-શ્યામલાજ એપાર્ટમેન્ટ, શાંતિનગર સોસાયટી, પાણીની ટાંકી પાસે, રૈયાધાર, રાજકોટ)ને દબોચી લીધો હતો.

આરોપીએ વર્ષ-૨૦૧૫માં ફરિયાદી પાસેથી ૭૮.૫૨ કેરેટ હીરા (કિં.રૂ.૧૫,૧૩,૮૯૨), ફરિયાદીના મિત્રના પુત્ર પાસેથી ૧૯.૨૯ કેરેટ હીરા (કિં.રૂ.૨,૩૧,૪૮૦) અને હીરા દલાલ પાસેથી ૮,૧૯,૦૪૦ના હીરા મળી કુલ ૨૫,૬૪,૪૧૨ની મત્તાના હીરા લીધા હતા. પેમેન્ટ ચૂકવવાનો વાયદો આપી તે હીરા કે નાણાં આપ્યા વગર ફરાર થઈ ગયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આરોપી સામે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચમાં પણ છેતરપિંડીનો ગુનો નોંધાયેલો છે.

# T-20 વર્લ્ડકપ ફાઈનલ માટે અમદાવાદના કેટલાક માર્ગ બંધ

**આજે** સ્ટેડિયમમાં બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડની 4 અને એનડીઆરએફની 1 ટીમ તૈનાત રહેશે

અમદાવાદ : અમદાવાદના મોટેરા સ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આવતીકાલ તા 8મી માર્ચના રોજ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ટી-20 વર્લ્ડ કપની ફાઇનલ મેચ યોજાનાર છે. આ હાઈપ્રોફાઇલ મેચને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસ દ્વારા સ્ટેડિયમ અને આસપાસના વિસ્તારોમાં ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મેચ દરમિયાન સુરક્ષામાં 2000થી વધુ પોલીસકર્મીઓ તૈનાત રહેશે. સ્ટેડિયમા અને તેની આસપાસના પોલીસ બંદોબસ્તમાં 7 ડીસીપી, 10 એસીપી અને 25 પો.ઈ. સહિત કુલ 78 પો.સ.ઈ. અને 1470 પોલીસકર્મીઓ સ્ટેડિયમ વિસ્તારમાં ફરજ બજાવશે. ઉપરાંત સ્ટેડિયમમાં બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડની 4 ટીમ અને એનડીઆરએફની 1 ટીમ તૈનાત રહેશે. સ્ટેડિયમની સુરક્ષા માટે ખાસ કંટ્રોલ રૂમ પણ તૈયાર કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમ મારફતે સ્ટેડિયમમાં લગાવવામાં આવેલા 270 કેમેરાથી સતત મોનિટરિંગ કરવામાં આવશે. ફાઈનલ મેચ જોવા માટે વીવીઆઈપી-વિઆઈપી સહિત કુલ 1 લાખથી વધુ દર્શકો આવવાની શક્યતા છે. મોટી સંખ્યામાં દર્શકો આવવાના કારણે ગેટ નંબર 1 પાસે ધક્કામુક્કી ન થાય તે માટે ગેટથી લગભગ 100 મીટર દૂર બેરિકેટિંગ કરવામાં આવશે. સ્ટેડિયમ આસપાસ આડેધડ પાર્કિંગને કારણે ટ્રાફિક સમસ્યા ન સર્જાય તે માટે 16 ટ્રાફિક ક્રેન સતત પેટ્રોલિંગ કરશે અને નો-પાર્કિંગ ઝોનમાં ઉભા કરાયેલા વાહનોને ટોઈંગ કરશે. ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ રાખવા માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ટ્રાફિક સંચાલન માટે 1 જેસીપી, 3 ડીસીપી, 4 એસીપી, 11 પો.ઈ અને 25 પોસઈ સહિત કુલ 744 અધિકારી-કર્મીઓ તૈનાત રહેશે. ઉપરાંત પોલીસકર્મી અને ટીઆરબી સહિત લગભગ 700 જવાનો ટ્રાફિક નિયમન માટે ફરજ બજાવશે.

### સ્ટેડિયમ સુધી જવા માટે વૈકલ્પિક માર્ગો

1. તપોવન સર્કલથી ઓએનજીસી ચાર રસ્તા - વિસત ટી - જનપથ ટી - પાવર હાઉસ ચાર રસ્તા - પ્રબોધ રાવળ સર્કલ સુધીના માર્ગ પરથી વાહનોની અવરજવર કરી શકાશે.
2. કૃપા રેસીડેન્સી ટી - શરણ સ્ટેટસ ચાર રસ્તા - ભાટ કોટેશ્વર રોડ - એપોલો સર્કલ તરફ અવરજવર કરી શકાશે.
3. જનપથ ટીથી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઇ કૃપા રેસિડેન્સી ટીથી મોટેરા ગામ ટી સુધીનો આવતો-જતો માર્ગ સવારે 10 વાગ્યાથી મોડી રાત્રે 2 વાગ્યા સુધી વાહનોની અવરજવર માટે પ્રતિબંધિત રહેશે.

### ટિકિટોનું કાળાબજાર કરતા બે યુવકોની ધરપકડ

અમદાવાદ : અમદાવાદમાં આવતીકાલે તા. 8મી માર્ચનાના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાનાર મેન્સ ટી-20 વર્લ્ડ કપ-2026ની હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચની ટિકીટોના કાળાબજાર કરતા રાજસ્થાન અને મધ્યપ્રદેશના બે યુવકોને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચએ ગુજરાત વિદ્યાપીઠ એસ.ટી. પીક બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી ઝડપી લીધા હતા. આ અંગે મળતી માહિતી મુજબ ટી-20 વર્લ્ડ કપ-2026ની ફાઈનલ મેચની ટિકિટો મોટા પ્રમાણમાં કાળાબજારમાં વેચાણ થઈ રહી હોવાની બાતમી ક્રાઈમ બ્રાંચને મળતી હતી. જેના પગલે ક્રાઈમ બ્રાંચની ટીમે ગુજરાત વિદ્યાપીઠ એસ.ટી. પીક બસ સ્ટેન્ડ પાસે વોચ ગોઠવી શંકાસ્પદ હાલતમાં વિપીન રાજેન્દ્રસિંગ ભાટી ( રહે. જોધપુર, રાજસ્થાન ) અને રીતીક રાકેશ યાદવ ( રહે. વર્સોવા, મુંબઈ; મૂળ મધ્યપ્રદેશ ) પાસેથી ફાઈનલ મેચની કુલ 08 ટિકિટો મળી આવી હતી. આ બંનેની પુછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે આ યુવકોએ અગાઉથી ઓનલાઇન ટિકિટો બુક કરાવી હતી અને મેચના આગલા દિવસે તે ટિકિટો તેના ભાવ કરતા ત્રણ ગણા એટલે કે રૂ. 10,000/-માં ગેરકાયદેસર રીતે વેચતા હતા. ક્રાઈમ બ્રાન્ચે આ બંને યુવક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તમામ ટિકિટો કબજે કરી, આ નેટવર્કમાં અન્ય કોઈ સંડોવણી છે કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરત રેલવે SOGએ ટ્રેનમાંથી 8.54 લાખનો ગાંજો ઝડપી પાડ્યો

**વ્યારા** રેલવે સ્ટેશન પાસે ' મિશન સેફ સ્ટેશન ' અંતર્ગત રેલવે એસ.ઓ.જી. અને NDPS ટીમે પાડેલા દરોડામાં 17 કિલો માદક પદાર્થ મળી આવ્યો



સુરતઃ સુરત રેલવે એસ.ઓ.જી. અને એન.ડી.પી.એસ. (NDPS) ડેડિકેટેડ ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરી વિશાખાપટ્ટનમ-ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેનમાંથી 17.080 કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એક પુરુષ અને એક સ્ત્રીને ઝડપી પાડ્યા છે. જપ્ત કરાયેલા ગાંજાની બજાર કિંમત આશરે રૂ. 8,54000 જેટલી થઈ છે.

મળતી માહિતી મુજબ બાતમીના આધારે વિશાખાપટ્ટનમ-ગાંધીધામ એક્સપ્રેસ વ્યારા રેલવે સ્ટેશન પહોંચવાની તૈયારીમાં હતી, ત્યારે રિઝર્વેશન કોચ નં. A/2 માં સીટ નં. 20 પર બેસેલા એક યુવક અને યુવતીની હિલચાલ શંકાસ્પદ જણાઈ હતી. પોલીસે તેમની તપાસ કરતાં તેમની પાસેથી મોટી માત્રામાં માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં પકડાયેલા શખ્સ ની ઓળખ એમ.ડી. ઈતેખાર (ઉ.વ.25 ) તરીકે થઈ છે, જે મૂળ બિહારના કટિહાર જિલ્લાનો વતની છે. જ્યારે તેની સાથે રહેલી 21 વર્ષીય યુવતી પ્રિયંકા કુમારી મૂળ ઝારખંડની વતની છે. આ બંને હાલ કચ્છના અંજારમાં વરસામેડી રોડ પર આવેલી મથુરા કોલોનીમાં રહેતા હોવાનું સામે આવ્યું છે. પ્રિયંકા કુમારી અંજારની વેલ્સપુન કંપનીમાં સિલાઈ કામ કરતી હોવાનું જાણવા મળ્યું છે.પોલીસે આરોપીઓ પાસેથી ૧૭ કિલોથી વધુ ગાંજો, બે મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૫,૫૦૦/-), રોકડ રકમ અને ટિકિટ સહિત કુલ રૂ. 8,70,431/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષામાં દાહોદમાં ડમી વિદ્યાર્થી ઝડપાયો

ગાંધીનગર : ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલી પરીક્ષામાં ધોરણ-12ની પરીક્ષામાં દાહોદ જિલ્લામાં એક ડમી વિદ્યાર્થી ઝડપાયો હતો.

ધોરણ-12 સામાન્ય અને વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષામાં દાહોદ જિલ્લામાં એક ડમી વિદ્યાર્થી પકડાયો હતો. જેના પગલે બોર્ડ દ્વારા વિદ્યાર્થી વિરૂદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શિક્ષણ બોર્ડના સુત્રોના જણાવ્યા પ્રમાણે વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજી (પ્રથમ ભાષા) વિષયની પરીક્ષામાં કુલ 35,117માંથી 35,015 પરીક્ષાર્થીઓ હાજર રહ્યા હતા.

# લિંબાયતમાં ડિવોર્સના વિવાદમાં પત્નીના મિત્રએ હુમલો કર્યો

**પતિને** ચપ્પુના ઘા મારી દેતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો

સુરતઃ લિંબાયત દંપતિ વચ્ચે ચાલી રહેલા છૂટાછેડાના વિવાદ દરમિયાન પત્નીના મિત્રએ બોલાચાલી કરી મારપીટ કર્યા બાદ પતિ પર ચપ્પુથી હુમલો કર્યો હતો. આ અંગે લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

લિંબાયત વિસ્તારમાં આસપાસનગર વિભાગ-૧, ગલી નં.૧, પ્લોટ નં.૨૨૪માં રહેતા અને મજૂરી કામ કરતાં અમોલ શંભાજી પાટીલનો (ઉ.વ.૩૩) પત્ની મમતા ઉર્ફે કાજલ વચ્ચે છેલ્લા કેટલાક સમયથી છૂટાછેડા બાબતે મતભેદ ચાલતો હતો. જે બાબતે ગઇ તારીખ ૪ માર્ચના રોજ પણ દંપતિ વચ્ચે ઝગડો થયો હતો. તે દરમિયાન મમતાનો મિત્ર સતિલાલ ઉર્ફે બુમલા ત્યાં આવી પહોંચ્યો હતો અને અને તેણે અમોલને "તુ મમતાને કેમ ડિવોર્સ નથી આપતો?" કહી ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. અટલું જ નહીં માર માર્યા બાદ ગુસ્સે ભરાઈ તેણે ચપ્પુ કાઢી અમોલ પર હુમલો કર્યો હતો. જેમાં પતિને ડાબા પગ અને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ દરમિયાન આસપાસના લોકો એકત્ર થતા આરોપી સ્થળ પરથી ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું છે. ઈજાગ્રસ્ત અમોલને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ડિંડોલીની બે...

મંદિરના બાથરૂમમાંથી મળી આવ્યા હતા. જ્યોત્સનાના પિતા સ્મીમેર હોસ્પિટલમાં લેબ ટેક્નીશિયન હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે રોશનીની પિતા વજનકાંટાના કોઈ કામ સાથે સંકળાયેલા છે.

### આજે T20...

કરાવવામાં આવી છે.ભારતની ટીમ ફાઈનલ મેચ જીતી જાય તો બીજા દિવસે ક્લબની કેન્ટિન 10% ડિસ્કાઉન્ટમાં ભોજન આપશે.સુરત સિટી જીમખાનાના રાકેશ મેહતા એ કહ્યું હતુંકે,અમારી સંસ્થામાં કાયમી ધોરણે મોટી સ્ક્રીન મૂકવામાં આવી છે.રસ ધરાવનારા સભ્યો રવિવારે મેચનો આનંદ માણી શકશે.

ઈન્ટરનેશનલ પોપ સુપરસ્ટાર રિકી માર્ટિન, પંજાબી પોપ સિંગર સુખવીર અને ગરબા ક્વિન ફાલ્ગુની પાઠક T20 વર્લ્ડ કપની ક્લોઝિંગ સેરેમનીમાં પરફોર્મ કરશે. આ પરફોર્મન્સ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે 8 માર્ચે ફાઇનલ પહેલાં થશે. ફાઇનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. ICCએ એક સોશિયલ પોસ્ટમાં જણાવ્યું કે માર્ટિનનું લાઇવ પરફોર્મન્સ સાંજે 5:30 વાગ્યે શરૂ થશે. ICCએ X પોસ્ટમાં લખ્યું- 'અમને એ જાહેરાત કરતાં ખૂબ જ આનંદ થાય છે કે ગ્લોબલ આઇકન અને સુપરસ્ટાર રિકી માર્ટિન ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2026ની ફાઇનલ પહેલાં યોજાનારી ક્લોઝિંગ સેરેમનીના હેડલાઇન પરફોર્મર હશે. આ એક એવો શાનદાર જશ્ન હશે.

### કાર ધીમી...

બાળકો સામે જોખમ ઉભું થતું લાગતા ગ્રામજનોએ કૃપલ પટેલને પુરપાટ ઝડપે ગાડી ન હંકારવા કહેતા વાતનું વતેસર થયું હતું અને ઉશ્કેરાયેલા કૃપલ પટેલે કાર ચઢાવી દેતા કરુણ ઘટના ઘટી હતી.

### પારસમિલની ઘટનમાં...

શ્રમિકોને ઉતારતા હોવાની ચર્ચા છે. આ ઘટનામાં પણ ચારેય યુવકને ભૂગર્ભ ટાંકીમાં ઉતારવામાં આવ્યા હતા, જૈના કારણે ઝેરી ગેસના પ્રભાવથી ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે અને ગેસ લીકેજ તેમજ સુરક્ષા વ્યવસ્થામાં બેદરકારી હતી કે કેમ તે દિશામાં તપાસ ચાલી રહી છે.

### ઝેરી કેમિકલના...

તથા સલામતી સાધનોનો ઉપયોગ કરવો. તેમ છતાં ઘણા ઉદ્યોગોમાં ખર્ચ બચાવવા માટે નિયમોની અવગણના કરવામાં આવતી હોવાના આક્ષેપો વારંવાર સામે આવતા રહે છે. પાંડેસરાની પારસ ડાઇંગ મિલમાં બનેલી દુર્ઘટનામાં પણ આ જ મુદ્દો ચર્ચામાં આવ્યો છે. સ્થાનિક સ્તરે ચર્ચા છે કે ટાંકીમાં ભરાયેલા કેમિકલના કચરાને સાફ કરવા માટે મશીનનો ઉપયોગ કરવાની જગ્યાએ સીધા શ્રમિકોને ઉતારવામાં આવ્યા હતા.

### મિલ સંચાલકોની...

ઘટનામાં જે પણ કોઈ જવાબદાર સામે આવશે તેની સામે ગુનો નોંધવામાં આવશે

### આડાસંબંધનાં વહેમમાં...

અને રૂ ૧૦૦૦૦ દંડનો ફટકાર્યો છે. તકરારનું મૂળ કારણ મરણ જનારનાં આડાસંબંધોનો વહેમ આરોપીને હતો, જે મરણ જનારનું ખૂન કરવા માટેનો હેતુ ફરિયાદ પક્ષ પુરવાર કરવામાં સફળ રહ્યો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### રાષ્ટ્રપતિ મુર્મુની...

મુખ્યમંત્રીએ સ્વાગત કરવું જોઈએ અને અન્ય મંત્રીઓ પણ હાજર રહેવા જોઈએ. પરંતુ તેઓ આવ્યા નથી. રાજ્યપાલ બદલાયા છે એટલે તેઓ આવી શક્યા નથી. પરંતુ તારીખ નક્કી થઈ ગઈ હતી, તેથી હું આવી છું. પણ ઠીક છે. અહીં આવવા બદલ હું તમારો આભાર માનું છું.

મુર્મુએ વધુમાં જણાવ્યું કે, "જો કાર્યક્રમ ત્યાં (બિધાનનગર) યોજાયો હોત તો વધુ સારું હોત. ત્યાં પૂરતી જગ્યા છે અને ઘણા લોકો હાજરી આપી શક્યા હોત. પરંતુ મને ખબર નથી કે રાજ્ય વહીવટીતંત્રે ત્યાં સભા યોજવાની મંજૂરી કેમ ન આપી. આજનો કાર્યક્રમ એવી જગ્યાએ રાખવામાં આવ્યો છે જ્યાં લોકો માટે આવવું મુશ્કેલ છે. કદાચ રાજ્ય સરકાર આદિવાસીઓનું કલ્યાણ ઈચ્છતી નથી, અને તેથી જ તેમને અહીં આવતા રોકવામાં આવ્યા હતા.

### મુર્મુ ભાજપના...

વિરોધ સ્થળ પર મુખ્યમંત્રીએ કહ્યું કે, ભાજપ એટલી હદે નીચે ઉતરી ગયું છે કે તેઓ રાજ્યને બદનામ કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું કે, રાષ્ટ્રપતિના કાર્યક્રમમાં રાજ્યના પ્રતિનિધિઓની ગેરહાજરી અંગે તેમને આપવામાં આવેલી માહિતી ખોટી હતી.

બેનર્જીએ કહ્યું કે ચૂંટણીની તૈયારીઓના સમયે તેમના માટે આવા કાર્યક્રમોમાં હાજર રહેવું હંમેશા શક્ય હોતું નથી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, જો તમે વર્ષમાં એકવાર આવો તો હું તમારું સ્વાગત કરી શકું છું, પરંતુ જો તમે ચૂંટણી દરમિયાન આવો છો, તો મારા માટે તમારા કાર્યક્રમોમાં હાજરી આપવી શક્ય નહીં હોય કારણ કે હું લોકોના અધિકારો માટે વ્યસ્ત છું.

### બંગાળની ટીએમસી...

નિરાશ છે. વડાપ્રધાને કહ્યું કે રાષ્ટ્રપતિ, જેઓ પોતે આદિવાસી સમુદાયમાંથી આવે છે, તેમણે વ્યક્ત કરેલી પીડા અને વેદનાએ ભારતના લોકોના મનમાં અપાર દુઃખ પહોંચાડ્યું છે.

તેમણે ઉમેર્યું કે, પશ્ચિમ બંગાળની TMC સરકારે ખરેખર બધી હદો પાર કરી દીધી છે. રાષ્ટ્રપતિના આ અપમાન માટે તેમનું વહીવટીતંત્ર જવાબદાર છે. મોદીએ એમ પણ કહ્યું કે તે એટલું જ કમનસીબ છે કે સંતાલ સંસ્કૃતિ જેવા મહત્વના વિષય સાથે પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા આટલો બેદરકાર વ્યવહાર કરવામાં આવ્યો.

### માર્ચમાં મે...

દિવસના તાપમાનમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, આગામી દિવસોમાં પરિસ્થિતિ બદલાવાની શક્યતા છે કારણ કે હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના પ્રભાવ હેઠળ 10 થી 12 માર્ચ દરમિયાન વરસાદી માહોલની આગાહી કરી છે.

**મધ્ય પૂર્વમાં પરિસ્થિતિને કારણે CBSEનો નિર્ણય**

# મધ્ય પૂર્વના દેશોમાં 9થી 11 માર્ચની CBSE ધો.-12ની પરીક્ષાઓ મોકૂફ

**10 માર્ચે** પરિસ્થિતિની સમીક્ષા બાદ 12 માર્ચથી આગળની પરીક્ષાઓ અંગે નિર્ણય લેવાશે

સુરતઃ મધ્ય પૂર્વના કેટલાક દેશોમાં સર્જાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને CBSE બોર્ડે ધોરણ-12ની બોર્ડ પરીક્ષાઓ અંગે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બોર્ડ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર મુજબ 9 માર્ચ 2026 (સોમવાર), 10 માર્ચ 2026 (મંગળવાર) અને 11 માર્ચ 2026 (બુધવાર)ના રોજ યોજાનારી ધોરણ-12ની પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે.

આ નિર્ણય બહેરિન, ઈરાન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમીરાતમાં CBSE સાથે સંકળાયેલી શાળાઓ માટે લાગુ પડશે. બોર્ડે જણાવ્યું છે કે 10 માર્ચે ફરી એકવાર પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવશે અને ત્યારબાદ 12 માર્ચથી શરૂ થનારી પરીક્ષાઓ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે. વિદ્યાર્થીઓને તમામ તાજા અપડેટ માટે પોતાની શાળાઓ સાથે સતત સંપર્કમાં રહેવા તેમજ બોર્ડ દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાતો પર ધ્યાન આપવા સલાહ આપવામાં આવી છે. સાથે જ આ માહિતી યુએઈ, સાઉદી અરેબિયા, ઓમાન, કતાર, બહેરિન, કુવૈત અને ઈરાનમાં આવેલા ભારતીય દૂતાવાસોને પણ મોકલવામાં આવી છે, જેથી ત્યાંની CBSE શાળાઓને યોગ્ય માર્ગદર્શન મળી શકે.